પત્રક્માંક:-મઉમશબ/માધ્યમિક/3680

ગું.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,

માધ્યમિક વિભાગ,

ગાંધીનગર.

તા:-27/11/2019

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

તમામ. (ગુજરાત રાજ્ય)

**વિષય:-** સંસ્કૃત (17)ની પરીક્ષાના માધ્યમ બાબત.

મહાશય,

જયભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, માર્ચ-2020માં લેવાનાર એસ.એસ.સી.ની પરીક્ષાના ઓનલાઇન ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલુ છે. નિયમોનુસાર સંસ્કૃત (17)ના વિષયમાં અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ જવાબ અંગ્રેજી ભાષામાં લખવા તે વર્ષ 2018 થી નક્કી કરવામાં આવેલ છે.

બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત શાળાએ જે માધ્યમ માટે મંજૂરી મેળવી હોય તે માધ્યમમાં ભણતા વિદ્યાર્થીઓની પરીક્ષા તે જ માધ્યમમાં લેવાની હોય છે. મંજૂર કરાવેલ માધ્યમ સિવાય અન્ય માધ્યમમાં શિક્ષણ આપીને પરીક્ષા સમયે પ્રશ્નપત્રના જવાબના માધ્યમમાં ફેરફાર કરવો યોગ્ય નથી. આમ વિદ્યાર્થી જે માધ્યમમાં ભણતો હોય તે જ માધ્યમમાં ઉત્તરો આપવું તે ફરજીયાત છે. જેથી પોતાના અભ્યાસના માધ્યમના શિક્ષણ મુજબ વિદ્યાર્થી ઉત્તર આપી શકે. શાળાના મંજૂર થયેલ માધ્યમની ભાષામાં તમામ વિદ્યાર્થીઓ ઉત્તરો લખે તે અપેક્ષિત છે.

ચાલુ વર્ષે કેટલીક શાળાઓ અને વાલીઓ દ્વારા ધોરણ 10 ના અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને સંસ્કૃત (17) વિષયના ઉત્તરો ગુજરાતીમાં લખવાની છુટ આપવા વિનંતી કરેલ છે. જે બોર્ડની મંજૂરીની શરતો વિરુદ્ધ છે. તેમ છતાં ચાલુ વર્ષે આ વિદ્યાર્થીઓએ ગુજરાતી ભાષામાં જવાબો લખવાની તૈયારી કરી દીધેલ હોય માત્ર ને માત્ર માર્ચ-2020ની પરીક્ષા પૂરતા આવા વિદ્યાર્થીઓને સંસ્કૃત (17) વિષયના ગુજરાતી ભાષામાં જવાબો લખવાની પરવાનગી આપવામાં આવે છે. આ પરવાનગી માર્ચ-2020માં લેવાનાર ધોરણ 10ની અંગ્રેજી માધ્યમના સંસ્કૃત (17) વિષય પૂરતી જ આપવામાં આવે છે. ભવિષ્યમાં અંગ્રેજી માધ્યમમાં ભણતા વિદ્યાર્થીઓએ સંસ્કૃત (17) વિષયના



Scanned by CamScanner

જવાબો અંગ્રેજી ભાષામાં જ આપવાના રહેશે. જે મુજબ અંગ્રેજી માધ્યમની શાળાઓએ વ્યવસ્થા કરવાની રહેશે જ. જેની સંબંધિતોને નોંધ લેવા જણાવવામાં આવે છે.

આપની કક્ષાએથી આપના તાબામાં આવતી શાળાઓને જાણ કરવા વિનંતી કરવામાં આવે છે.

ક્રમાંક /જીશિ/માધ્ય-ક/૨૦૨૫/૭૯-૬૩૪
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૦૨ - ૧૨ - ૨૦૨૫

નકલ રવાના જાણ તથા અમલ સારું

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી
સરકારી, ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ
મા. શાળાઓ તમામ બ.કાં. જિલ્લો.

Scanned by CamScanner